ધાનેરામાં લીલા લાકડાનો કારોબાર ચલાવતા ઈસમો પર તંત્ર મહેરબાન

ભયાનક અકસ્માત સર્જનાર ટ્રેક્ટર અને ટ્રેક્ટર ચાલાક ગણતરીના કલાકોમા જ છૂટી ગયા : લીલા લાકડાનો કારોબાર ચલાવતા ઈસમો પૈસાના પાવરથી બધુ જ કરી શકે છે : જનાક્રોશ

ધાનેરા, તા. ૨૧

ધાનેરા વિસ્તારમાં લીલા લાકડાનો કારોબાર ચલાવતા ઈસમો ઉપર તંત્ર મહેરબાન બની ગયું હોય તેમ લાગી રહ્યું છે. કારણ કે ચાર દિવસ અગાઉ ધાનેરા વિસ્તારમાં લીલા લાકડા ભરેલા ટ્રેક્ટરે અકસ્માત સર્જ્યો હતો જેમાં એકનું મોત નીપજ્યું હતું. અન્ય લોકોને ગંભીર ઈજા પણ થઈ હતી ત્યારે આ ટ્રેક્ટર અને ટ્રેક્ટર ચાલાકને ગણતરી કલાક માજ છોડી મુકતા લોકોમાં અનેક તર્કવિતર્ક જોવા મળી રહ્યા છે.

ચાર દિવસ અગાઉ ધાનેરાથી કમાન્ડર જીપ શેરા ગામ બાજુ જઈ રહી હતી તે સમયે શેરા ગામ નજીક લીલા લાકડા ભરેલા ટ્રેકટરે આ કમાન્ડર જીપને અડફેટે લેતાં ભયાનક અકસ્માત સર્જાયો હતો. ત્યારે કમાન્ડર જીપમાંથી લોહીના ફુવારા છૂટ્યા હતા અને ટ્રેકટર ચાલક અકસમત સર્જી ત્યાંથી નાશી જવાની કોશિસ કરી હતી પરંતુ કેટલાક સ્થાનિક લોકો આવી જતા ટ્રેકટરનો પીછો કર્યો હતો અને એક કિલોમીટર જેટલા અંતરે ટ્રેકટર ચાલક ટ્રેકટર મૂકી ફરાર થઈ ગયો હતો અને સમગ્ર બાબતની જાણ તંત્રને થતા ધાનેરા પોલીસ પણ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને મૃતકના મૃતદેહને પીએમ અર્થે ધાનેરા ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી. પરંતુ આ ટ્રેક્ટર ગણતરીના કલાકોમાં છૂટી જતા લોકોમાં અનેક તર્કવિતર્ક જોવા મળ્યા હતા. બીજી તરફ આ ઘટના ઉપર જાણે પડદો પડી ગયો હોય તેમ તંત્ર ધ્વારા અન્ય ટ્રેક્ટર સામે પણ કોઈજ કાર્યવાહી કરવામાં નથી આવી અને આજે પણ પણ ધાનેરાના તમામ માર્ગો ઉપરથી રાત્રીના સમયે લીલા લાકડા ભરેલા ટ્રેકટરો બેફામ પસાર થઈ રહ્યા છે. હવે એવું લાગી રહ્યું છે કે હજુ તંત્ર આનાથી પણ મોટી ઘટના બનવાની રાહ જોઈને બેઠું છે. અત્યારે ધાનેરામાં ચોરે ને ચૌટે એકજ વાત સાંભળવા મળી રહી છે કે અકસ્માત સર્જનાર ટ્રેક્ટરના કાગળો પણ પૂરતા ન હતા. ડ્રાયવર પણ નાશી ગયો હતો. કેવી રીતે ટ્રેક્ટર છૂટ્યું તે એક મોટો સવાલ છે તો આ બાબતે જિલ્લા કલેક્ટર સાહેબ તપાસના આદેશ આપે તો અન્ય કૌભાંડ ખુલવાની પણ શંકાઓ સેવાઈ રહી છે. લોકો તો એવું પણ કહી રહ્યા છે કે લીલા લાકડાનો કાળો કારોબાર ચલાવનારા ઈસમો પૈસાના પાવરથી બધુજ ખરીદી શકે છે તેવી બડાશ મારી રહ્યા છે અને

જયારે કોઈ અકસ્માત કે અન્ય ઘટના બને ત્યારે પૈસાના જોરે બધુજ રફેદફે કરી નાખે છે. લોકો તો ઘણી બધી વાતો કરે છે પરંતુ તંત્ર આ બાબતે તટસ્થ તપાસ કરે તો સાચી હકીકત બહાર આવે.

અરવલ્લી જિલ્લાની ગીરીમાળાઓમાં રહસ્યમય આગ લાગવાનો સિલસિલો યથાવત

મોડાસા, તા. ૨૧

અરવલ્લી જીલ્લામાં આવેલા જંગલ અને ડુંગર પર રહેલી

વનરાજીમાં આગ લાગવાના બનાવોમાં ચિંતાજનક વધારો થવાની સાથે રહસ્યમય બની રહ્યા છે. એક જ સપ્તાહમાં આગ લાગવાની ઘટના બનતા વનવિભાગ તંત્રની બેદરકારી છતી થઈ છે. મોડાસાના વાંટડા ટોલપ્લાઝા નજીક આવેલા ચામુંડાના ડુંગર તરીકે જાણીતા ડુંગર પર આગ લાગતા વનવિભાગ તંત્રના ૧૦થી વધુ કર્મચારીઓ આગ પર કાબુ મેળવવા પ્રયત્નો હાથ ધર્યા હતા.

અમદાવાદ-ઉદેપુર ને.હા.નં-૪૮ પર આવેલા વાંટડા ટોલપ્લાઝા નજીક ગુરુવારે બપોરના સુમારે ડુંગર પર આગ લાગતા ભારે અફરાતફરી મચી હતી. ડુંગરના જંગલમાં રહેલા સૂકા પાંદડા, ઝાડ અને પવનના લીધે આગ ઝડપથી પ્રસરતા આગનું રૌદ્ર સ્વરૂપથી ગામલોકો દોડી આવ્યા હતા અને આગના લબકારાથી ભયભીત બન્યા હતા. વનવિભાગ કર્મચારીઓ દોડી પહોંચ્યા હતા અને આગ પર કાબુ મેળવવા પ્રયત્ન હાથ ધર્યા હતા. આગના બનાવને રોકવા માટે વન વિભાગ દ્વારા ફાયર લાઈન તૈયાર કરી આકસ્મિક આગ લાગે તો જંગલ વિસ્તારમાં વધુ પ્રસરતી આગ ફાયર લાઈન સુધીજ સીમિત થઈ જાય તેવા પ્રયાસો કરાતા હોય છે છતાં સમયાંતરે લાગતી આગમાં વનરાજી નષ્ટ થઈ જતા પર્યાવરણને પારાવાર નુકશાન ભોગવવું પડે છે.

એસ.ટી. કર્મચારી યુનિયને મુખ્યમંત્રીની અપીલને ફગાવી

હાલાકી વચ્ચે હડતાળ સમેટી લેવા રૂપાણીએ કરેલ અપીલ

આજથી ગુજરાત એસટીના કર્મચારીઓ પોતાની પડતર માંગણીઓને લઈ આજે હડતાળ પર ઉતરતા રાજયભરના લાખો મુસાફરો રઝળી પડયા હતા. ખાસ કરીને વિદ્યાર્થીઓ, બિમાર-દર્દીઓ અને નોકરી-ધંધાવાળા લોકો સૌથી વધુ હાલાકીનો ભોગ બન્યા હતા. રાજયભરના મુસાફરોની કફોડી હાલત અને દયનીય પરિસ્થિતિ જોઈ મુખ્યમંત્રી વિજય રૂપાણીએ એસટી કર્મચારીઓને હડતાળ સમેટી લેવા નમ્ર અનુરોધ કર્યો હતો અને જણાવ્યું હતું કે, રાજયના નિર્દોષ લોકો-પ્રજાજનો આ હડતાળના કારણે ભયંકર હાલાકીનો ભોગ બની રહ્યા છે ત્યારે એસટી નિગમના કર્મચારીઓએ હડતાળ પાછી ખેંચી લેવી જોઈએ. જો કે, એસટી કર્મચારી યુનિયન તરફથી મુખ્યમંત્રી તરફથી કરાયેલી આ વિનંતીને ફગાવી દેવાઈ હતી અને જણાવ્યું હતું કે, પહેલાં કર્મચારીની પડતર માંગણીઓનું નિરાકરણ લાવો, પછી બીજી વાત. જેને લઈ હવે સમગ્ર મામલો ગરમાયો છે. જો કે, રાજય સરકાર તરફથી મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ સાતમા પગાર પંચ મુદ્દે યુનિયનના હોદ્દેદારો સાથે બેઠક અને ચર્ચા કરવાની હૈયાધારણ પણ ઉચ્ચારી છે. જો કે, તેમછતાં યુનિયને તેની હડતાળ ચાલુ રાખી હતી. મુખ્યમંત્રી વિજય રૂપાણીના નિવેદન બાદ એસટી કર્મચારીઓની સંકલન સમિતિની બેઠક મળી હતી. જેમાં એસટીના તમામ યુનિયનના હોદ્દેદારો હાજર રહ્યા હતા. બેઠકમાં જયાં સુધી કર્મચારીઓની માંગણીઓ ના સંતોષાય ત્યાં સુધી હડતાળ પાછી નહી ખેંચવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. સરકાર જયા સુધી માંગણી નહીં સ્વીકારે ત્યાં સુધી અચોક્કસ મુદ્દતની હડતાળ યથાવત્ રાખવામાં આવશે. જો સરકાર માંગ નહીં સ્વીકારે તો આગામી દિવસોમાં એસટી કર્મચારીઓ ગાંધીનગર તરફ કૂચ કરે તેવી તૈયારી પણ કરી દેવાઈ છે.

આજે સાબરડેરીની ચૂંટણી ચાર બેઠકો માટે મતદાન

હિંમતનગર, તા. ૨૧

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાના દૂધ ઉત્પાદકો માટે આધારસ્તંભ બનેલી સાબરડેરીની ૧૬ પૈકી ચાર બેઠકો માટે તા. ૨૨ ફેબ્રુઆરીને શુક્રવારે સાબરડેરી ખાતે ચૂંટણી યોજાનાર છે. ત્યારે પરીવર્તન અને વિકાસ પેનલના મળી ૧૦ ઉમેદવાર મતદારોને મનાવવા માટે આકાશ પાતાળ એક કરી રહ્યા છે. જે પૈકી એક બેઠક અરવલ્લી જિલ્લાની તથા બાકીની ત્રણ બેઠક સાબરકાંઠાની છે. દરમ્યાન સાબરકાંઠાનું વિભાજન થયા બાદ નવા અસ્તિત્વમાં આવેલા અરવલ્લી જિલ્લાના સહકારી અગ્રણીઓ તેમના જિલ્લામાં સહકારીક્ષેત્રે નવુ માળખુ ઉભુ કરી અલગ સંસ્થાઓ શરૂ થાય તે માટેની હીલચાલ શરૂ કરી દીધી છે.

આ અંગેની વિગત એવી છે કે જયારે બૃહદ સાબરકાંઠા જિલ્લો હતો ત્યારે જિલ્લાની સહકારી સંસ્થાઓમાં વધુ પ્રભુત્વ સાબરકાંઠાનુ રહેતુ હતુ. જોકે તત્કાલીન સમય પુર્વ વિસ્તારમાં આવેલા મોડાસા, ધનસુરા, બાયડ અને માલપુર, મેઘરજ ઉપરાંત ભિલોડા તાલુકાને પ્રતિનિધિત્વ અપાતુ હતુ. પરંતુ અત્યાર સુધીનો ઈતિહાસ સાક્ષી પુરે છે કે તેમાં ચાવીરૂપ પદ માટે સાબરકાંઠાનો હાથ ઉપર રહ્યો છે.

હવે જયારે વર્ષો અગાઉ ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ સાબરકાંઠાનું વિભાજન કરીને નવો અરવલ્લી જિલ્લો બનાવ્યો છે ત્યારે સરકાર દ્વારા પણ અલગ માળખુ મોડાસામાં ઉભુ કરી દીધુ છે. જેને લઈને સહકારી ક્ષેત્રમાં વર્ષોથી રચ્યા પચ્યા રહેલા આ અરવલ્લીના સહકારી અગ્રણીઓ તેમના જિલ્લા માટે સહકારી ક્ષેત્રે નવુ માળખુ ઉભુ કરવાનું વિચારી રહ્યા છે. દરમ્યાન ચાર બેઠકોની ચૂંટણી માટે પરીવર્તન પેનલ દ્વારા અરવલ્લીની મતદારોને અલગ અરવલ્લી જિલ્લા દૂધ ઉત્પાદક સંઘ બનાવવાનું મેનિફેસ્ટોમાં મુદ્દો બનાવ્યો છે. જેને લઈને અત્યાર સુધી સહકારી ક્ષેત્રે એકમેકના સહયોગથી ચાલતી સહકારી સંસ્થાઓના ભવિષ્યમાં બે ભાગ પડે તો નવાઈ પામવા જેવુ નથી.

પડતર માંગણીઓ નહીં સંતોષતા

પાલનપુર ખાતે આરોગ્યકર્મીઓએ રેલી યોજી ધરણાં પ્રદર્શન કર્યા

ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગમાં ફરજ બજાવતા આરોગ્ય કર્મીઓ વેતન તેમજ વહીવટના પડતર પ્રશ્નોને લઈ છેલ્લા એક માસથી આંદોલન ચલાવી રહ્યા છે. ત્યારે આજે પાલનપુરમાં જીલ્લાના ૧૫૦૦

જેટલા આરોગ્ય કર્મીઓએ રેલી યોજી ધરણાં પ્રદર્શન કરી વિરોધ જતાવ્યો હતો.

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ હસ્તકના વિવિધ સંવર્ગમાં ફરજ બજાવતા આરોગ્ય કર્મીઓ નાણાકીય તેમજ વહીવટી વિસંગતતા અને પડતર પ્રશ્નોના નિરાકરણ માટે અગાઉ મુખ્યમંત્રી સહિત ઉચ્ચ કક્ષાએ રજૂઆતો કરી હતી. પરંતુ સરકાર દ્વારા આરોગ્ય કર્મીઓના પડતર પશ્નોનું નિરાકરણ ન લવાતા ગુજરાત રાજ્ય આરોગ્ય કર્મચારી મહાસંઘ ગાંધીનગરના આદેશ અનુસાર બનાસકાંઠા જિલ્લા પંચાયત આરોગ્ય કર્મચારી મંડળ પાલનપુર દ્વારા આજે જિલ્લાના ૧૫૦૦ જેટલા કર્મચારીઓએ આજે રેલી યોજી હતી.

બનાસકાંઠા આરોગ્ય મંડળના પ્રમુખ ગીતાબેન મોદી, ઉપપ્રમુખ માધવસિંહ પરમાર અને હસમુખભાઈ પટેલની આગેવાની તળે આરોગ્યકર્મીઓની રેલી પાલનપુર સિવિલ હોસ્પિટલથી નીકળી જાહેર માર્ગો પર ફરી જિલ્લા પંચાયત પહોંચી હતી. જયાં કર્મચારીઓએ ધરણાં પ્રદર્શન યોજયા હતા. જેના પગલે જિલ્લાભરમાં આરોગ્ય સેવાઓ ખોરવાઈ હતી.

પોતાની માંગણીઓને લઈને આંદોલન કરી રહેલા આરોગ્યકર્મીઓની માંગો પર સરકાર કોઈ સાનુકૂળ પ્રતિભાવ આપતી નથી. ત્યારે આરોગ્યકર્મીઓ પણ હવે લડાયક મિજાજમાં આવી ગયા છે. પોતાની માંગણીઓ નહીં સંતોષાય તો આરોગ્યકર્મીઓએ ગાંધીનગર ખાતે મહારેલી યોજી જલદ આંદોલન છેડવાની ચીમકી ઉચ્ચારી હતી.

જે.સી.આઈ. મોડાસા શ્રી વી એસ શાહ પ્રાથમિક શાળા દ્વારા વિશ્વ માતૃભાષા દિનની ઉજવણી

મોડાસા, તા. ૨૧

સમગ્ર વિશ્વ માતૃભાષા દિનની ઉજવણી કરી રહ્યું છે ત્યારે મોડાસા શ્રી વી એસ શાહ પરસાણા

અને જેસીઆઈ મોડાસા માતૃભાષા દિનની ઉજવણી કરી હતી. આ કાર્યક્રમમાં શાળાના વિદ્યાર્થી વિદ્યાર્થિનીઓ દ્વારા માતૃભાષા વિશે વાત કરી હતી શાળાના પ્રમુખ સામાજિક અગ્રણી નિલેશ જોષી દ્વારા માતૃભાષા વિશે બાળકો સાથે વાર્તાલાપ કરી વિશ્વમાં જે બાળક જે માતાના કુખે જન્મ લે છે માતા જેભાષા બોલે છે તે માતૃભાષા એવી સરળતાથી સમજ આપી હતી. શાળાના વિદ્યાર્થીઓ દ્વારા રંગલા રંગલીના પાત્ર દ્વારા માતૃભાષાનું મહત્વ સમજાવ્યું હતું. સમગ્ર કાર્યક્રમમાં સર્વ શિક્ષા અભિયાનના અમિતભાઈ કવિ, લેવા પાટીદાર સમાજના વિનોદ પટેલ, સંસ્થાના મંત્રી હરિહરભાઈ ઉપાધ્યાય, જેસીઆઈ પૂર્વ પ્રમુખ અલ્પેશ પટેલ, આચાર્ય કિરણબેન ત્રિવેદી, અમરતભાઈ રબારી, શિક્ષકો, જેસીઆઈના સભ્યો હાજર રહ્યા હતા.

હુમલાનો ખતરો

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

હુમલાને લઈને ત્રાસવાદી સંગઠનોના લીડરો વાતચીત કરી ચુક્યા છે. હાલમાં મોટી સંખ્યામાં ત્રાસવાદીઓ ઘુસી ગયા છે. સાથે સાથે સેંકડો ત્રાસવાદીઓ ઘુસણખોરી કરવા માટે તૈયાર છે. જમ્મુ કાશ્મીરના હજુ પણ હુમલાનો ખતરો તોળાઈ રહ્યો છે. સુરક્ષા દળો દ્વારા હાથ ધરવામાં આવેલા ઓપરેશન ઓલઆઉટના પરિણામ સ્વરુપે આતંકવાદીઓનો ખાત્મો થઈ રહ્યો છે ત્યારે હચમચી ઉઠેલા ત્રાસવાદી કેટલાક હુમલાને અંજામ આપી દહેશત ફેલાવવાના પ્રયાસ કરી રહ્યા છે. હજુ પણ હુમલાનો ખતરો હોવાનું જાણવા મળ્યું છે. હુમલા બાદ તમામ એરબેઝ કેમ્પ, આર્મી કેમ્પને એલર્ટ કરવામાં આવ્યા છે. બીજી બાજુ સરહદી સુરક્ષા દળના એક વરિષ્ઠ અધિકારીએ નામ જાહેર નહીં કરવાની શરતે કહ્યું છે કે, એલઓસીની બીજી બાજુએ ૨૦૦ ત્રાસવાદી ઘુસણખોરી કરવાની રાહ જોઈ રહ્યા છે જેથી હજુ હુમલાઓનો ખતરો તોળાઈ રહ્યો છે. બરફના વરસાદના કારણે રસ્તો બંધ થઈ જવાના લીધે આ ત્રાસવાદીઓ ઘુસણખોરી કરી શક્યા નથી પરંતુ હવે આતંકવાદીઓ હુમલા કરવા માટે ઘુસણખોરી કરવાના તમામ પ્રયાસ કરી રહ્યા છે. ઘુસણખોરી માટે તૈયાર હોવા છતાં સૈનિક હાઈએલર્ટ પર છે. દિનરાત પેટ્રોલિંગ કરી રહ્યા છે જેના લીધે પાકિસ્તાનમાં રહેલા ત્રાસવાદીઓ હાજરી પુરવાર કરવામાં મુશ્કેલી અનુભવી રહ્યા છીએ. આવી સ્થિતિમાં ત્રાસવાદીઓ કોઈ મોટા હુમલાને અંજામ આપવા પ્રયાસ કરી શકે છે. બીજી બાજુ પાકિસ્તાની મિડિયામાં આ અહેવાલની આજે દિવસભર ચર્ચા રહી હતી. કાશ્મીર ખીણમાં છેલ્લા બે મહિનાથી રક્તપાતનો દોર જારી રહ્યો છે. આનો લાભ લઈને ત્રાસવાદીઓ આગળ વધી રહ્યા છે. સીઆરપીએફ કાફલા ઉપર હુમલો કરવામાં આવ્યા બાદ સમગ્ર જમ્મુ કાશ્મીરમાં વ્યાપક સર્ચ ઓપરેશન ચાલી રહ્યું છે. તમામ શકમંદ સ્થળો ઉપર દરોડા પાડવામાં આવી રહ્યા છે. શંકાસ્પદ લોકો ઉપર નજર રાખવામાં આવી રહી છે.

આ બ્લાસ્ટમાં પ્રાથમિક અહેવાલ મુજબ આરડીએક્સનો ઉપયોગ કરવામાં આવ્યો ન હતો પરંતુ આ બ્લાસ્ટમાં યુરિયા બનાવવા માટે ઉપયોગ કરવામાં આવતા રસાયણનો મોટાપાયે ઉપયોગ કરવામાં આવ્યો હતો જે વધારે ખતરનાક સંકેત આપે છે.ત્રાસવાદીઓ સામે સેના દ્વારા પણ ઓપરેશન ચાલી રહ્યુ છે. જમ્મુ કાશ્મીરમાં પોલીસ, સીઆરપીએફ અને સેના દ્વારા વિવિધ સ્થળો પર દરોડા પાડવામાં આવી રહ્યા છે. કેટલાક લોકોની પુછપરછ કરવામાં આવી ચુકી છે. કેટલાકને કસ્ટડીમાં પણ લેવામાં આવી ચુકયા છે. પુલવામા હુમલાના માસ્ટરમાઈન્ડને ઠાર કરવામાં આવી ચુક્યો છે. ગાજી નામના આ ખતરનાક શખ્સે જ આત્મઘાતી બોમ્બર ડારને હુમલા કરવા સાથે સંબંધિત ટ્રેનિંગ આપી હતી. ત્રાસવાદીઓના ખાત્મા માટે સુરક્ષા દળો પર આકમક છે.

પાણી નહી અપાય

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

મોટા હુમલા તરીકે ગણવામાં આવે છે. શ્રીનગર-જમ્મુ હાઈવે ઉપર સ્થિત અવન્તીપોરા વિસ્તારમાં આ હુમલો થયો હતો. આતંકવાદી સંગઠન જૈશે મોહમ્મદે હુમલાની જવાબદારી સ્વીકારી લીધી હતી. વિસ્ફોટક સાથે ભરેલી એક ગાડીને લઈને જૈશના ત્રાસવાદી આદિલે સીઆરપીએફ જવાનોના કાફલાની બસમાં અથડાવી હતી.

ફાંફા મારે છે...

● **ત્રીજા પાનાનું ચાલુ**

લાગી રહ્યું છે. પોલીસને પણ ચોર ઈસમો પડકાર ફેંકતા હોય તેમ એક પછી એક ઘટનાને અંજામ આપી છુમંતર થઈ જાય છે. ત્યારે રાજયના કાયદા અને વ્યવસ્થાની સ્થિતિના આદેશ જયાંથી છોડવામાં આવે છે તે પાટનગરમાં જ છેલ્લા ચાર માસમાં ત્રણ હત્યા થવા પામી છે. એક પણ હત્યાનો ભેદ હજુ સુધી ઉકેલાયો નથી. પોલીસ અંધારામાં ફીફા ખાંડી રહી હોય તેમ લાગી રહ્યું છે. તા. ૧૪ ઓકટોબર ૨૦૧૮ના રોજ દંતાલીમાં, ૯ ડિસેમ્બર ૨૦૧૮ના રોજ કોબામાં, અને તા.૨૫ જાન્યુઆરીના રોજ શેરથામાં મર્ડર થતા પોલીસ કોઈ સાયકો કીલર ફરતો હોવાની શંકાએ તપાસ શરુ કરી હતી. પરંતુ તપાસને એક માસ જેટલો સમય થવા આવ્યો છે છતા પોલીસને કંઈ હાથ ન લાગતા નાગરીકો ઘરની બહાર નીકળતા પણ ડર અનુભવી રહ્યાનો માહોલ છે.

ખાનગી બસો...

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

રહે તે માટે પોઈન્ટના બસસ્ટેન્ડે કચેરી છૂટવાના સમયે ખાનગી બસો ખડકી દેવાઈ હતી. આરટીઓના અધિકારીઓને સમગ્ર વ્યવસ્થા સોંપવામાં આવતા તેઓ પણ પોઈન્ટના બસસ્ટેન્ડ પહોંચી ગયા હતા. પોઈન્ટના બસસ્ટેન્ડે એસટીના કેટલાક કર્મચારીઓ પહોંચી ગયા હતા અને હોબાળો મચાવ્યો હતો. દરરોજ અપડાઉન કરતા કર્મચારીઓ માંડ માંડ ઘરે પહોંચી શક્યા હતા.

વિધાનસભામાં...

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

છે કે ૨૮૦ ફરિયાદો છેલ્લા બે વર્ષમાં મળી છે. જે પૈકી ૨૭૫ ફરિયાદોનો નિકાલ કરવામાં આવ્યો છે.

● **પશુ ચિકિત્સા અધિકારીની ખાલી જગ્યા**

ગાંધીનગર (ઉ)ના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડાએ ગાંધીનગર જિલ્લામાં પશુ ચિકિત્સા અધિકારી વર્ગ-૨ અને પશુધન નીરીક્ષકની ખાલી જગ્યાઓ અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં પશુપાલન મંત્રીએ જણાવ્યું છે કે જિલ્લામાં પશુ ચિકિત્સા અધિકારી વર્ગ-૨ની ૪૫ અને પશુધન નિરીક્ષકની ૧૦૧ જગ્યાનું મંજૂર થયેલ મહેકમ છે.

આ પૈકી જિલ્લામાં વર્ગ-૨ની ૩ અને પશુધન નિરીક્ષકની ૨૧ જગ્યાઓ ખાલી છે. આ ખાલી જગ્યાઓ ભરવા માટે તૈયાર કરવામાં આવેલ દસ વર્ષીય ભરતી કેલેન્ડર મુજબ જગ્યાઓ ભરવાનું આયોજન હાલ અમલી છે.

● **અને છેલ્લે...**

ગાંધીનગર જિલ્લામાં એ.આર.ટી.ઓ.ની કચેરીના મંજૂર થયેલ મહેકમમાં ૧૩ જગ્યાઓ ખાલી છે.

બોર્ડની પરીક્ષામાં...

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

ઈશારા કરવા સહિતની હરકતોથી ચેતતા અને સાવધાની રાખવી પડશે. નહી તો, સીસીટીવી કેમેરાની સાથે સાથે તેમનો અવાજ પણ ઓડિયો રેકોર્ડિંગમાં કેદ થઈ જશે. ઉલ્લેખનીય છે કે, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાતી પરીક્ષામાં દર વર્ષે સીસીટીવી મારફતે રેકોર્ડિંગ થાય છે પરંતુ દર વર્ષે સીડી કરપ્ટ હોવાની તેમજ રેકોર્ડિંગ થતું ન હોવાની અનેક ફરીયાદો મળી હતી. જેના પગલે શિક્ષણ બોર્ડ દ્વારા સીસીટીવી કવરેજ અસરકાર કેવી રીતે કરવું તે અંગે સૂચનાઓ આપી છે. શિક્ષણ બોર્ડે સ્કૂલ સંચાલકોને પરીક્ષામાં ઓડિયો રેકોર્ડિંગની સુવિધા હોય તેવી વ્યવસ્થા કરવા માટેની સૂચનાઓ પણ હવે જારી કરી છે. બોર્ડની ગાઈડલાઈનમાં જણાવ્યા મુજબ તમામ બ્લોકના સીસીટીવી કેમેરા ચાલુ હાલતમાં હોવા જોઈએ અને ફૂટેજ સ્પષ્ટ હોવું જરૂરી છે તેમજ સ્કૂલે એન્ટ્રી ગેટની અલગ ફાઈલ બનાવવાની રહશે, બોર્ડની પરીક્ષા દરમિયાન વિદ્યાર્થીઓ પ્રવેશ કરે અને વર્ગખંડમાં બેસે ત્યાં સુધીનું ઓડિયો રેકોર્ડિંગ કરવાનું રહેશે, તે પછી ૧૫ મિનિટ સુધી ઓડિયો રેકોર્ડિંગ કરવાનું રહેશે. બોર્ડ સત્તાધીશોની આ સૂચનાને પગલે હવે છેલ્લી ઘડીયે શાળા સંચાલકો પણ સમગ્ર તૈયારી કરવામાં જોતરાયા છે. તો બીજીબાજુ, વિદ્યાર્થીઓ અને વાલીઓમાં પણ આ વાતને લઈ હવે સાવધાની રાખવાની લાગણી જોવા મળી રહી છે.

મારો હાથ નથી...

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

ચીન હંમેશા પાકિસ્તાનનુંજ સમર્થન કરશે. તે માટે ગભરાવવાની બિલકૂલ જરૂર નથી. ઓડિયોમાં એવું પણ કહેવામાં આવ્યું છે કે, નરેન્દ્ર મોદી કાશ્મીરમાં સંપૂર્ણ રીતે નિષ્ફળ ગયા છે. પુલવામા આતંકી હુમલા પછી સમગ્ર દુનિયામાં ઘેરાયેલી પાકિસ્તાન સરકારને મસૂદ અઝહર ડરપોક ગણાવી છે. તેણે કહ્યું કે, પાકિસ્તાની મીડિયા અને સરકાર બંને ડરેલી છે. આ ઓડિયોમાં મસૂદ અઝહરે આદિલ અહમદ ડારનું નામ પણ આપ્યું છે અને કહ્યું છે કે, આદિલે જ પુલવામા હુમલો કર્યો હતો અને પોતાની ગાડી લઈને સીઆરપીએફના કાફલામાં ઘૂસ્યો હતો. ઓડિયોમાં મસૂદ અઝહરે કહ્યું, 'જેટલી ગાળો આપવી હોય એટલી આપો પરંતુ આદિલ અહમદ વિરુદ્ધ કશું જ ન કહેશો. કાશ્મીરમાં આઝાદીની લડાઈ હવે શરૂ થઈ ચૂકી છે.

પહેલી પસંદ...

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

વોટ ન કરી શકે. પોલના પરિણામ દર્શાવે છે કે વડાપ્રધાન લોકપ્રિયતાના મામલે તેમના હરિફો કરતા ખુબ આગળ છે. આશરે ૮૪ ટકા લોકો માને છે કે જો આજે ચૂંટણી યોજાય તો વડાપ્રધાન તરીકે તેમની પ્રથમ પસંદગી મોદી રહેશે. આ યાદીમાં રાહુલ ગાંધી બીજા સ્થાન પર છે. ૮.૩૩ ટકા લોકોએ રાહુલ ગાંધીને વડાપ્રધાન તરીકે ગણાવ્યા છે. મમતા બેનર્જીને ૧.૪૪ ટકા મત મળ્યા છે. મોદી સરકારની કામગીરીને બે તૃતિયાશ લોકોએ સારી અને ખુબ સારી તરીકે ગણાવી છે. ૫૯.૫૧ ટકા લોકો સારી કામગીરી માટે મત આપે છે. મોદી સરકારને આ ઓનલાઈન સર્વેથી મોટો ફાયદો થાય તેમ પણ માનવામાં આવે છે. યાદીમાં રાહુલ ગાંધી ખુબ પાછળ રહી ગયો છે. ૮.૩૩ ટકા યુઝરે રાહુલ ગાંધીને વડાપ્રધાન તરીકે જોવાની ઈચ્છા વ્યક્ત કરી છે. તૃણમુલ કોંગ્રેસ મમતા બેનર્જીને ૧.૪૪ ટકા વોટ અને બસપના વડા માયાવતીને ૦.૪૩ ટકા વોટ મળ્યા છે. ૫.૯ ટકા યુઝર આ ચાર સિવાય અન્યને વડાપ્રધાન તરીકે જોવા ઈચ્છુક છે. રાહુલ ગાંધી આજની તારીખમાં ૨૦૧૪ કરતા વધારે લોકપ્રિય છે કે કેમ તે અંગે પૂછવામાં આવતા ૩૧ ટકા લોકો સહમત દેખાયા હતા જ્યારે ૬૩ ટકા લોકો હજુ પણ માને છે કે, પહેલા કરતા વધારે લોકપ્રિય થયા નથી. માત્ર ૩.૪૭ ટકા યુઝર માને છે કે, ૨૦૧૯ ચૂંટણી બાદ એનડીએ અને યુપીએના સમર્થન સિવાય મહાગઠબંધન સરકાર બની શકશે.